RBI/2018-19/125

FIDD.CO.FSD.BC.13/05.05.10/2018-19 21 ફેબ્રુઆરી, 2019

ચેરમેન / મેનેજીંગ ડારેક્ટર / સી ઈ ઓ
સમગ્ર અનુસુચિત વાણિજ્ય બેંકો
(રીજીયોનલ રૂરલ બેંક સહિત)

પ્રિય મહોદય/મહોદયા

**એમએસએમઈ માટે વ્યાજ સબવેંશન યોજના**

તમારી જાણ માં જ હશે કે ભારત સરકારે તારીખ 2 નવેમ્બર, 2018 ના રોજ 'ઈંટરેસ્ટ સબવેંશન સ્કીમ ફોર એમએસએમઈ 2018' જાહેર કરી છે.

2. ભારત સરકારની 'મીનીસ્ટ્રી ઓફ માઈક્રો,સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) એ પ્રકાશિત કરેલા ઉપરોક્ત યોજના ના મુખ્ય લક્ષણ તથા ઓપરેશનલ માર્ગદર્શિકા આ સાથે શમેલ છે. આ યોજના માટે રાષ્ટ્રીય સ્તરની સિંગલ નોડલ અમલીકરણ એજન્સી 'સ્મોલ ઈન્ડસ્ટ્રીસ ડેવલોપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (સીડબી)' છે.

3. આ ઓપરેશનલ માર્ગદર્શિકા માં બેંકો પાસે થી રાખેલી અપેક્ષા મુજબ યોગ્ય કાર્યવાહી કરવા અને આ યોજના નો સફળતા થી અમલ થાય તે માટે તમારી શાખાઓ / નિયંત્રણ કચેરીઓ ને જરૂરી નિર્દેશો આપવા માટે આપને વિનતી છે

4. પરિપત્ર મળ્યા ની પહોચ મોકલશો.

આપની વિશ્વાસુ,

(સોનાલી સેન ગુપ્તા)
ચીફ જનરલ મેનેજર

બીડાણ : ઉપર મુજબ

# એમએસએમઈ માટે વ્યાજ સબવેંશન યોજના 2018

## 1. પૃષ્ઠભૂમિ :

મજબુત અને સ્થિર રાષ્ટ્રીય અર્થતંત્ર બનાવવા માટે માઈક્રો,સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) ક્ષેત્ર નો મહત્વ નો ફાળો છે, તારીખ 2 નવેમ્બર, 2018 ના રોજ એમએસએમઈ ક્ષેત્ર માટે 'આઉટરીચ ઈનીશીએટીવ લોન્ચિંગ' વખતે માનનીય પ્રધાન મંત્રી એ એમએસએમઈ ક્ષેત્ર ની સહાયતા માટે ક્રેડીટ ઍક્સેસ, માર્કેટ ઍક્સેસ,,તકનીકી સુધારા, ધંધો કરવાની સરળતા અને કર્મચારી માં સલામતી ની ભાવના, આ પાંચ પાસાઓ હાઈ લાઈટ કરેલા.. દરેક શ્રેણી ને સંબોધવા બાર જાહેરાટ/ઘોષણા કરવામાં આવેલી.. પ્રધાન મંત્રી એ ક્રેડીટ ઍક્સેસ ના ભાગ રૂપે, જીએસટી માં નોંધાયેલ તમામ એમએસએમઈ માટે નવી અથવા વધતી લોન માટે બે ટકા વ્યાજ સબવેંશન ની જાહેરાત કરેલી.

એમએસએમઈ મંત્રાલયે (એમ ઓ એમએસએમઈ) નિર્ણય લીધો છે કે નવી યોજના એટલેકે 'ઈંટરેસ્ટ સબવેંશન સ્કીમ ફોર ઈન્કરીમેન્ટલ ક્રેડીટ ટુ એમએસએમઈ 2018' નો અમલ 2018-19 અને 2019-20 દરમ્યાન થશે.

## 2. યોજના ની મુખ્ય વિશેષતાઓ :

### 2.1 હેતુ,અવકાશ અને અવધી :

યોજના નો હેતુ ઉત્પાદક અને સેવા આપતાં એકમો બન્નેની ની ઉત્પાદકતા વધારવા પ્રોત્સાહન આપવાનો છે અને ક્રેડીટ નો ખર્ચ ઘટાડતી વખતે, અર્થતંત્રના ઔપચારિકરણ ને મદદરૂપ બનવા માટે જીએસટી પ્લેટફોર્મ પર ઓન બોર્ડીંગ માટે એમએસએમઈ ને પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. આ યોજના નાણાકીય વર્ષ 2018 અને 2019 એમ બે વર્ષ સુધી ઓપરેટ થશે.

### 2.2 કવરેજ માટે પાત્રતા:

i. આ યોજના અંતર્ગત નીચેના બે માપદંડ પુરા કરનાર સમગ્ર એમએસએમઈ તેના લાભાર્થી થવા પાત્ર બનશે.

a. માન્ય ઉદ્યોગ આધાર નમ્બર (યુએએન)

b. માન્ય જીએસટીએન નમ્બર

**ii.** ચાલુ નાણાકીય વર્ષ એટલેકે તારીખ 2 નવેમ્બર, 2018 થી અને પછી ના નાણાકીય વર્ષ દરમ્યાન આપેલી ઈન્ક્રીમેન્ટલ ટર્મ લોન અથવા નવી ટર્મ લોન અથવા ઈન્ક્રીમેન્ટલઅથવા નવી કાર્યકારી મૂડી ની લોન કવરેજ પાત્ર બનશે

**iii.** ટર્મ લોન અથવા કાર્યકારી મૂડી ની લોન અનુસુચિત વાણિજ્ય બેંકો દ્વારા અપાયેલ હોવી જોઈએ.

**iv.** મહત્તમ કવરેજ અને આઉટરીચ ની ખાતરી કરવા માટે યોજના ની અવધી દરમ્યાન સમગ્ર કાર્યકારી મૂડી અને ટર્મ લોન રૂપિયા 100 લાખ સુધી કવરેજ પાત્ર બનશે.

**v.** જયારે જયારે લાયકાત ધરાવતી સંસ્થા દ્વારા કાર્યકારી મૂડી અને ટર્મ લોન બન્ને ની સવલત એમએસએમઈ ને આપવામાં આવી હોય ત્યારે ઈંટરેસ્ટ સબવેંશન વધુમાં વધુ રૂપિયા 100 લાખ સુધી ની આર્થીક સહાય સુધીજ મળી શકશે.

**vi.** વાણીજ્ય ખાતા દ્વારા પ્રી શિપમેન્ટ અથવા પોસ્ટ શિપમેન્ટ ક્રેડીટ મેળવનારા એમએસએમઈ નિકાસકારો 'ઈંટરેસ્ટ સબવેંશન સ્કીમ ફોર ઇન્કરીમેન્ટલ ક્રેડીટ ટુ એમએસએમઈ 2018' યોજના અંતર્ગત સહાય મેળવવા માટે લાયક ગણાશે નહિ.

**vii.** રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર ની કોઈ પણ ઈંટરેસ્ટ સબવેંશન સ્કીમ નો લાભ લેનારા એમએસએમઈ, સૂચિત યોજના અંતર્ગત લાભ મેળવવા માટે લાયક ગણાશે નહિ.

**2.3 કાર્યકારી ઔપચારિકતાઓ :**

**1.** લાયકાત ધરાવતી સંસ્થા દ્વારા મંજુર કરેલ કાર્યકારી મૂડી ની ઇન્કરીમેન્ટલ અથવા નવી લોન અથવા ઇન્કરીમેન્ટલ અથવા ટર્મ લોન લોન ઉપર, ચુકવણી ની તારીખ / ઉપાડ અથવા આ યોજના ની જાહેરાત ની તારીખ પૈકી, જે મોડું હોય ત્યારથી વખતો વખત લોન ની બાકી રકમ ઉપર વાર્ષિક 2 % લેખે વ્યાજ માં રાહત ની ગણતરી કરવામાં આવશે.

**2.** એમએસએમઈ પાસેથી ચાર્જ કરવામાં આવતો વ્યાજ દર જે તે સંસ્થાએ (આરબીઆઈ ની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ) પ્રકાશિત કરેલા 'કોડ ઓફ કન્ડકટ' અને 'ફેર પ્રેક્ટીસ કોડ' સાથે મેળ ખાતો રહેશે અને સંસ્થાની વ્યાજ દર ની લાગુ પડતી માર્ગદર્શિકા મુજબ એમએસએમઈ ના સંબંધિત આંતરિક / બાહ્ય રેટિંગ સાથે લીંક થશે.

**3.** પ્રવર્તમાન લાગુપડતી માર્ગદર્શિકા મુજબ દાવો કરવાની તારીખ વખતે લોન ખાતું એનપીએ તરીકે જાહેર થયું ન હોવું જોઈએ. જે સમય ગાળા દરમ્યાન, ખાતું એનપીએ રહ્યું હોય, તે સમય દરમ્યાન ઈંટરેસ્ટ સબવેંશન સ્વીકાર્ય નહી ગણાય.

**2.4 દાવા ની રજૂઆત :**

**1.** લાયકાત ધરાવતી સંસ્થાઓના નોડલ ઓફિસરે તેમનો છ માસિક દાવો પરિશિષ્ઠ **I** માં દર્શાવેલા ફોર્મેટ માં સીડબી સમક્ષ રજુ કરવાનો રહેશે. ચૂકવેલ લોન અને (શાખા મુજબ)વ્યાજ રાહત ના દાવા ની માહિતી ની સોફ્ટ કોપી એક્ષેલ માં પરિશિષ્ઠ **II** માં દર્શાવેલા ફોર્મેટ માં રજુ કરવાની રહેશે.

**2.** લાયકાત ધરાવતી સંસ્થાઓ ની શાખાઓ એ કરેલ સંકલિત નું માહિતી નું ફોર્મેટ પરિશિષ્ઠ **IIII** માં આપેલ છે. શાખાઓ એ તેમની નિયંત્રણ ઓફિસ / મુખ્ય ઓફિસ ને તે માહિતી મોકલવાની રહેશે.

**3.** બધા દાવાઓ **લાયકાત ધરાવતી સંસ્થાઓના ઓડીટર** દ્વારા પ્રમાણિત હોવા જોઈએ. આ પ્રમાણપત્ર માં વ્યક્તિગત ખાતા ની રકમ, ઈન્કરીમેન્ટલ / નવી લોન,,ચાર્જ કરેલ વ્યાજ ની રકમ અને દાવા ની રકમ ની ચકાસણી પર નિવેદન નો સમાવેશ થવો જોઈએ.ધિરાણ કર્તા સંસ્થાએ ખાત્રી કરવાની રહેશે કે પરિશિષ્ઠ **I**, **II**, અને **III** માં દર્શાવેલી કુલ દાવા ની રકમ નો મેળ ખાય છે કે કેમ.

**4.**છ માસિક દાવો ચીફ જનરલ મેનેજર, ઈન્સ્ટીટ્યુશનલ ફાયનાન્સ વર્ટીકલ, સીડબી મુંબઈ ને મોકલવાનો રહેશે.

**5.** વ્યક્તિગત સંસ્થાના દરેક દાવા ની ચુકવણી એમઓએમએસએમઈ દ્વારા ફંડ રીલીઝ કર્યા બાદ થશે.

**2. 5 અન્ય કરાર :**

1. જુદા જુદા ધિરાણ કર્તા ઓ ને તેમના નોડલ ઓફિસર દ્વારા વ્યાજ સબવેંશન ની ચેનલિંગ ના હેતુ માટે સીડબી નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.

2. ચોક્કસ માહિતી અને યોજના ને દેખરેખ માટે બધી ધિરાણ કર્તા સંસ્થાઓ જવાબદાર રહેશે.

3. લાયકાત ધરાવતી સંસ્થાઓ ના ઓડીટર પ્રમાણિત દાવા ના આધારે જ વ્યાજ સબવેંશન રીલીઝ કરવામાં આવશે. ધિરાણ કર્તા સંસ્થાઓ દ્વારા મોકલાવેલ અચોક્કસ માહિતી માટે સીડબી ની જવાબદારી રહેશે નહિ.

4. જીઓઆઈ પાસેથી મળતા ફંડ ની પ્રાપ્યતા ના આધારે સીડબી દ્વારા વ્યાજ સબવેંશન ની રકમ રીલીઝ કરવામાં આવશે. વ્યાજ સબવેશન ની દરેક બાબત માટે એમઓએમએસએમઈ અને જીઓઆઈ ને અંતિમ સત્તા રહેશે અને તેમનો નિર્ણય આખરી અને બંધન કર્તા રહેશે. લાયકાત ધરાવતી સંસ્થાઓ ની રસીદ ને જ ફંડ ના ઉપયોગ નું પ્રમાણપત્ર ગણવામાં આવશે.

**પરિશિષ્ઠ I**

સબસીડી ના દાવા માટે ના પ્રમાણપત્ર નું ફોરમેટ

(હાર્ડ કોપી સીડબી ને મોકલવી)

ધિરાણ કર્તા સંસ્થા નું નામ (રકમ રૂપિયા માં)

| **2 નવેમ્બર, 2018 યા તે પછી નવી અથવા ઈન્કરીમેન્ટલ નવી નાણાકીય સહાય *** | | | **વ્યાજ રાહત ના દાવા ની રકમ** | | |
|---|---|---|---|---|---|
| **એમએસએમઈ (ઉત્પાદક ક્ષેત્ર)** | **એમએસએમઈ (સેવા ક્ષેત્ર)** | **કુલ** | **એમએસએમઈ (ઉત્પાદક ક્ષેત્ર)** | **એમએસએમઈ (સેવા ક્ષેત્ર)** | **કુલ** |
| **(1)** | **(2)** | **(3)** | **(4)** | **(5)** | **(6)** |
| | | | | | |

* આની ગણતરી માટે ઉઘડતી બાકી એટલેકે 1 નવેમ્બર, 2018 ના રોજ બાકી મુદ્દલ માંથી ચડેલ વ્યાજ બાદ કરીને તેનો તફાવત કાઢવાનો રહેશે .

નોંધ:

i. મુદતી લોન અને કાર્યકારી મૂડી ની લોન ની માહિતી અલગ થી આપવાની રહેશે

ii. એનપીએ ખાતાઓ ને બાકાત રાખવાના રહેશે કારણ કે જેટલા સમય માટે ખાતું એનપીએ રહ્યું હોય તે સમયગાળો ળા માટે વ્યાજ વ્યાજ સબવેંશન માટે સ્વીકાર્ય નથી

આથી અમે પ્રમાણિત કરીએ છીએ કે ઉપર દર્શાવેલી મંજુર કરેલી  નવી અથવા ઈન્કરીમેન્ટલ કાર્યકારી મૂડી/ઈન્કરીમેન્ટલ /નવી લોન ની ચુકવણી અને તેના ઉપર વ્યાજ રાહત ના દાવા  ની રકમ ની ગણતરી સીડબી એ જારી કરેલા  પરિપત્ર  સાથે  પુષ્ટિ થાય તેમ યોગ્ય રીતે કરેલી છે .અમે બાંહેધરી આપીએ છીએ કે પાછળથી ઓડીટ દરમ્યાન કોઈ અચોક્કસતા અથવા અન્યથા મળી આવે  તો અમે અમને વધારા ની મળેલ રકમ તરતજ સીડબી ને પરત કરીશું .

સ્થળ અને તારીખ | અધિકૃત હસ્તાક્ષર

અમે પ્રમાણિત કરીએ છીએ  ઈન્કરીમેન્ટલ /નવી લોન ની રકમ ,ચાર્જ કરેલ વ્યાજ અને દાવા ની રકમ ના સન્દર્ભમાં વ્યક્તિગત ખાતાઓ ની ચકાસણી કરી છે .

સ્થળ: | વૈધાનિક ઓડીટર ના હસ્તાક્ષર

તારીખ:

પ્રમાણપત્ર ઉપર સીએ ના  હસ્તાક્ષર

હોવા જોઈએ  અને તેના ઉપર આઈસીએઆઈ  ના સભ્યપદ નો નમ્બર દર્શાવેલ હોવો જોઈએ .

કૃપયા નોંધ લેશો કે આ  પ્રમાણપત્ર ધિરાણ કર્તા સંસ્થા ના  વૈધાનિક ઓડીટર દ્વારા પ્રમાણિત કરાવી ને મોકલવું . ધિરાણ કર્તા સંસ્થા ના  ફેર પ્રેક્ટીસ કોડ અને  વ્યાજ દર,  દાવા સાથે જોડવું.

પરિશિષ્ઠ II

## શાખા મુજબ મોકલવા ની માહિતી નું ફોરમેટ

(માત્ર સોફ્ટ કોપી મોકલવી)

(રકમ રૂપિયા માં)

| અનુક્રમ નં | શાખાનું નામ અને કોડ | 2 નવેમ્બર, 2018 યા તે પછી નવી અથવા ઈન્ક્રીમેન્ટલ નવી નાણાકીય સહાય | | | સબસીડી માટે લાયકાત ધરાવતી વિતરણ કરેલ ભંડોળ સહાય | | | વ્યાજ રાહત ના કરેલ દાવા ની રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **એમએસએમઈ (ઉત્પાદક ક્ષેત્ર)** | **એમએસએમઈ (સેવા ક્ષેત્ર)** | **કુલ** | **એમએસએમઈ (ઉત્પાદક ક્ષેત્ર)** | **એમએસએમઈ (સેવા ક્ષેત્ર)** | **કુલ** | **એમએસએમઈ (ઉત્પાદક ક્ષેત્ર)** | **એમએસએમઈ (સેવા ક્ષેત્ર)** | **કુલ** |
| (1) | (2) | (3) | (4) | (4) | (5) | (6) | (7) | (8) | (9) | (10) |
| | | | | | | | | | | |

**એમએસએમઈ લાભાર્થી માટે નું ફોરમેટ**

**અનુસુચિત વાણિજ્ય બેંક નું નામ:**

**શાખા નું નામ** **ક્ષેત્રિય કાર્યાલય** **ઝોનલ ઓફીસ**

| અનુક્રમ . | લોન ખાતા નં. | લાભાર્થી એકમ નું નામ | ઉધોગ આધાર નં | જીએસ ટી નોન્દણી નં. | પુરુષ / મહિલા | ગ્રામ્ય/શહેરી/અર્ધ શહેરી | સ્થાપક ની કક્ષા જનરલ/ઓબીસી /એસસી /એસ ટી | અપંગ છે કે કેમ | લઘુમતી | જીલ્લો | રાજ્ય | લોન નો હેતુ/પ્રવૃત્તિ | એકમ નો પ્રકાર (સેવા/ઉત્પાદક/અન્ય | એકમ નો વિભાગ સુક્ષ્મ /લઘુ /મ ધ્યમ) | * ઉધોગ | 01/11/2018 ના રોજ બાકી રકમ | 02/11/2018 ના રોજ કે ત્યર બાદ ચુકવેલ ઈન્ક્રી મેન્ટલ યા નવી લોન/સહાય | આરઓઆઈ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 1 | | | | | | | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | | | | | | | |

* આરબીઆઈ ની માર્ગદર્શિકા મુજબ

નોંધ: 1. મહેરબાની કરીને માહિતી એમએસ- એક્ષેલ ફોરમેટ માં મોકલો

2. મહેરબાની કરીને કોઈ કોલમ ખાલી ન છોડો .

3. મહેરબાની કરીને ફોરમેટ માં સુધારા ના કરો